બિન અનામત વર્ગો માટે રાજ્ય આયોગની રચના કરવા બાબત.

**અધિસૂચના**
**ગુજરાત સરકાર**
**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,**
**સચિવાલય, ગાંધીનગર**
**તા.૦૫/૧૦/૨૦૧૭**

**અધિસૂચના ક્રમાંક :-જીએચએમ/૨૦૧૭/૧૩/સશપ/૧૨૨૦૧૭/૫૭૫૯૪૯/અ**

શૈક્ષણિક સંસ્થાઓ અને રાજ્ય સરકાર હેઠળ નોકરીઓમાં અનામત માટે અનુ.જાતિઓ, અનુ. જનજાતિઓ અને શૈક્ષણિક અને સામાજિક રીતે પછાત વર્ગો સિવાયના બિનઅનામત વર્ગો પૈકી ને અનામત મળે તે માટે તાજેતરમાં પાટીદારો સહીત અન્ય સમાજોએ આંદોલન કર્યું હતું. આવા બિન અનામત વર્ગોની માંગણીને ધ્યાને રાખીને અનુ.જાતિઓ, અનુ.જનજાતિઓ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની ૪૯ % અનામત ઉપરાંત બિન અનામત વર્ગો માટે, અલગથી ૧૦ % અનામતની જોગવાઇ કરી હતી. પરંતુ આ ૧૦ % અનામતને ગેરબંધારણીય ઠેરવીને ગુજરાત વડી અદાલતે તેને રદ્દ જાહેર કરેલ છે. ગુજરાત હાઇકોર્ટના આ નિર્ણયને રાજ્ય સરકારે સર્વોચ્ચ અદાલતમાં પડકારેલ છે, જે હાલ સર્વોચ્ચ અદાલતમાં ન્યાયાધીન (Sub-judice) છે.

રાજ્ય સરકારે આવા બિન અનામત વર્ગોની જાતિઓ અને સમાજોના આગેવાનો, સંસ્થાઓ અને શ્રેષ્ઠીઓ સાથે તેમની સમસ્યાઓ અને મુશ્કેલીઓના નિવારણ માટે ચર્ચા કરી છે અને પુખ્ત વિચારણાને અંતે આવા બિનઅનામત વર્ગો ની સમસ્યાઓ, મુશ્કેલીઓ અને પીડાઓના નિવારણ માટે જરૂરી પગલાં લેવા નીચેની જોગવાઇઓ મુજબ એક કાયમી આયોગ રચવાનું ઠરાવ્યું છે.

૧. (૧) આ આયોગ 'ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનુ આયોગ' તરીકે ઓળખાશે.
(૨) આ આયોગનો ક્ષેત્રાધિકાર સમગ્ર ગુજરાત રાજ્ય રહેશે.
(૩) તે આ જાહેરનામાની પ્રસિધ્ધિની તારીખથી અમલમાં આવશે.
(૪) આ આયોગનું વડુ મથક ગાંધીનગર રહેશે.

૨. (૧) આ આયોગની રચના રાજ્ય સરકાર કરશે અને તે તેને આપેલી સત્તાઓ વાપરશે અને આ અધિસૂચનામાં આપ્યા પ્રમાણેના તેને સોંપેલ કાર્યો બજાવશે.

(૨) આ આયોગ રાજ્ય સરકારે નિયુક્ત કરેલાં નીચે મુજબના હોદ્દેદારો અને સભ્યોનું બનશે.

(ક) એવી નામાંકિત વ્યક્તિ કે જે આવા વર્ગોના પ્રશ્નો અને સમસ્યાઓથી વાકેફ હોય તે વ્યક્તિ અધ્યક્ષ રહેશે.

(ખ) જે વ્યક્તિ બિન અનામત વર્ગોનું ખાસ જ્ઞાન ધરાવતી હશે તે વ્યક્તિ ઉપાધ્યક્ષ રહેશે.

(ગ) બિનઅનામત વર્ગો અંગે ખાસ જ્ઞાન ધરાવતા અને ક્ષેત્રિય અનુભવ ધરાવતી ત્રણ વ્યક્તિઓ સભ્યો રહેશે.

(ઘ) આવી જાતિઓ અને કોમો અંગેનું જ્ઞાન ધરાવતી સામાજિક વૈજ્ઞાનિક (Social Scientist) વ્યક્તિ સભ્ય રહેશે.

(ચ) રાજ્ય સરકારમાં સંયુક્ત સચિવશ્રીથી નીચેનો હોદ્દો ન ધરાવનાર કે ધારણ કરી ચૂકેલ વ્યક્તિને રાજ્ય સરકાર સભ્ય સચિવ તરીકે નિમશે.

(છ) રાજ્ય સરકાર, શક્ય હોય ત્યાં સુધી, આવા બિન અનામત વર્ગો ની મહત્તમ જાતિઓ / કોમોના સભ્યોને આ આયોગમાં નિયુક્ત કરવાનું સુનિશ્ચિત કરશે.

૩. **અધ્યક્ષ,ઉપાધ્યક્ષ અને અન્ય સભ્યોની સેવાની શરતો અને બોલીઓ.**

(૧) અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને બીજા દરેક સભ્ય કચેરીનો હોદ્દો ધારણ કરે તે તારીખથી શરૂ કરી ત્રણ વર્ષ સુધી અથવા રાજ્ય સરકાર ઇચ્છે, તે બેમાંથી જે વ્હેલું હોય ત્યાં સુધી હોદ્દો ધારણ કરશે.

(૨) અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને સભ્ય પોતે પોતાની સહીથી રાજ્ય સરકારને સંબોધીને લખેલા પત્રથી ધારણ કરેલા હોદ્દા ઉપરથી રાજીનામું આપી શકશે.

(૩) રાજ્ય સરકાર આ આયોગની કોઇ વ્યક્તિને હોદ્દા ઉપરથી દૂર કરી શકશે. જો તે વ્યક્તિ-

(ક) મુક્ત નહીં ઠરાવેલી નાદાર થાય;

(ખ) સરકારના મતે તેને નૈતિક અધપતનની સંડોવણીવાળા ગુનામાં કેદની સજા થઇ હોય;

(ગ) અસ્થિર મગજની થાય અને સત્તા ધરાવતા ન્યાયાલયે તેને તેવી હોવાની જાહેર કરી હોય;

(ઘ) ફરજ પાલનનો ઇન્કાર કરે અથવા ફરજ માટે અશક્ત થાય;

(ચ) આયોગની રજા લીધા વગર આયોગની સતત ત્રણ બેઠકોમાં ગેરહાજર રહે;

(છ) સરકારના મતે, અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અથવા સભ્ય તરીકે તેના હોદ્દાનો એવી રીતે દુરુપયોગ કરે કે જેથી તેને હોદ્દા પર ચાલુ રાખવો બિન અનામત વર્ગોના કે જાહેર હિતમાં નુકશાનકારક હોય;

પરંતુ આવી વ્યક્તિને ત્યાં સુધી દૂર નહીં કરી શકાય, જયાં સુધી તે વ્યક્તિને જે તે બાબતમાં સાંભળવાની પૂરતી તક આપવામાં ન આવી હોય.

(૪) અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને સભ્યોના ચુકવવાપાત્ર પગાર-ભથ્થા અને સેવાની શરતો અને બોલીઓ ઠરાવ્યા પ્રમાણે રહેશે.

૪. **આયોગના અધિકારીઓ અને અન્ય કર્મચારીઓ.**

(૧) આયોગની જવાબદારીઓના સક્ષમ સંચાલન માટે જરૂરી અધિકારીઓ અને કર્મચારીઓ રાજ્ય સરકાર પૂરા પાડશે.

(૨) આયોગના હેતુ માટે નિમાયેલાં અધિકારીઓ અને અન્ય કર્મચારીઓને મળવાપાત્ર પગાર અને ભથ્થાં અને તેમની સેવાની શરતો અને બોલીઓ ઠરાવ્યા પ્રમાણે રહેશે.

૫. **અનુદાનમાંથી પગાર અને ભથ્થાંની ચુકવણી.:-**

અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને સભ્યોને ચુકવવાપાત્ર પગાર અને ભથ્થાં, તેમજ આયોગમાં નિમાયેલાં અધિકારીઓ અને અન્ય કર્મચારીઓને મળવાપાત્ર પગાર, ભથ્થાં અને પેન્શન સહિત વહીવટી ખર્ચ રાજ્ય સરકારે આપેલ અનુદાનમાંથી ચુકવવાનાં રહેશે.

૬. **ખાલી જગ્યા વગેરે આયોગની પ્રક્રિયાને રદબાતલ ન ઠરાવી શકે :-**

આયોગની રચનામાં કોઇ ત્રુટિ અથવા કોઇપણ ખાલી જગ્યાના કારણના આધારે જ આયોગનું કોઇ કૃત્ય અથવા પ્રક્રિયા (Proceeding) રદબાતલ ઠરશે નહિ.

૭. **આયોગ ધ્વારા કાર્યપધ્ધતિનું નિયમન :-**

(૧) અધ્યક્ષ નક્કી કરે તેમ અને જ્યારે જરૂરી હોય તે સમયે અને સ્થળે આયોગની બેઠક મળશે.

(૨) આયોગ તેની કાર્યપધ્ધતિનું જાતે જ નિયમન કરશે.

(૩) આયોગના બધા હુકમો અને નિર્ણયોનું સભ્ય સચિવ અથવા સભ્ય સચિવ ધ્વારા અધિકૃત કરાયેલ આયોગના અન્ય અધિકારી ધ્વારા અધિકૃતિકરણ (Authentication) કરાશે.

૮. **આયોગના ઉદ્દેશો, કાર્યો અને સત્તાઓ :-**

(૧) આયોગ ગુજરાત રાજ્યના બિન અનામત વર્ગોની પીડાઓ, મુશ્કેલીઓ અને સમસ્યાઓની તપાસ કરશે અને સમાજના આ વર્ગોની પીડાઓ, મુશ્કેલીઓ અને સમસ્યાઓના સમાધાન માટે ભલામણો કરશે.

(૨) આયોગ બિન અનામત વર્ગોની હાંસિયામાં ધકેલાયેલી વ્યક્તિઓ અને કુટુંબોની સામાજિક-આર્થિક સ્થિતિનો અભ્યાસ અને મોજણી કરશે અને તેમના વિકાસ માટે કલ્યાણકારી યોજનાઓ ઘડશે અને તેના અમલ માટે સરકારને ભલામણ કરશે.

(૩) આયોગ ગુજરાત રાજ્ય સરકારની અમલમાં હોય તેવી કલ્યાણકારી યોજનાનો અભ્યાસ કરશે તે યોજનાઓ બિન અનામત વર્ગોના હિતમાં કેવી રીતે લાગુ કરી શકાય તે અંગેની ભલામણો કરશે.

(૪) આયોગ અન્ય રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની કલ્યાણકારી નીતિઓનો અભ્યાસ કરશે. આવી નીતિઓ સ્વીકારવી કે કેમ તેની ભલામણ કરશે.

(૫) એક સંસ્થા તરીકે આયોગ, ભારતના બંધારણના રાજ્ય નીતિના માર્ગદર્શક સિધ્ધાંતો (Directive Principles) અને અન્ય ભાગોમાં સમાવાયેલી બિન અનામત વર્ગો માટેની જોગવાઇઓના અમલ માટે ભલામણો કરશે.

(૬) આયોગને સરકારી વિભાગો, સરકારી તેમજ અર્ધસરકારી સંસ્થાઓ, જાહેર સાહસો અને સ્વાયત્ત સંસ્થાઓ પાસેથી માહિતી મેળવવાનો અધિકાર અને સત્તા રહેશે. આયોગને તેના હેતુ માટે અને બિનઅનામત વર્ગોના હિતમાં સમગ્ર રાજ્યમાં પ્રવાસ કરવાની સત્તા રહેશે.

(૭) આયોગ રાજ્ય સરકાર ફરમાવે તેવુ અન્ય ખાસ કાર્ય કે ફરજ બજાવશે.

૯. **રાજ્ય સરકાર ધ્વારા અનુદાન :-**

(૧) રાજ્ય સરકાર પોતાને યોગ્ય લાગે તે રીતે, વિધાનસભાના કાયદાથી આ હેતુ માટે વિનિયોગ ધ્વારા આયોગના હેતુઓના વહન માટે અનુદાનથી જરૂરી નાણાં આપશે.

(૨) આયોગ તેને સોંપેલાં કાર્યો બજાવવા માટે તેને યોગ્ય લાગે તેટલી રકમ વાપરશે, અને આવી રકમ રાજ્ય સરકાર ધ્વારા ચુકવવાપાત્ર અનુદાન પૈકીનો ખર્ચ ગણાશે.

૧૦. **હિસાબો અને ઓડીટ :-**

(૧) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડીટર જનરલના પરામર્શમાં, રાજ્ય સરકાર ઠરાવે તેવા નમૂનામાં, આયોગ તેના યોગ્ય હિસાબો અને અન્ય સંબંધિત રેકર્ડ જાળવશે અને વાર્ષિક હિસાબોનું પત્રક તૈયાર કરશે.

(૨) કોમ્પ્ટ્રોલર અને ઓડીટર જનરલ અથવા અન્ય સક્ષમ સત્તાધિકારી ધ્વારા, તે નક્કી કરે તેવા સમયાંતરે, આયોગના હિસાબોનું ઓડીટ કરવામાં આવશે અને આવા ઓડીટ સબંધમાં થયેલો ખર્ચ, આયોગ ધ્વારા કોમ્પ્ટ્રોલર અને ઓડીટર જનરલને ચુકવાશે.

(૩) કોમ્પ્ટ્રોલર અને ઓડીટર જનરલ અને તેમના ધ્વારા નિયુક્ત વ્યક્તિને આયોગના ઓડીટના સબંધમાં એવા જ અધિકારો અને વિશેષ અધિકારો રહેશે કે જેવા સરકારના હિસાબોના ઓડીટ માટે કોમ્પ્ટ્રોલર ઓડીટર અને જનરલને હોય છે અને વિશેષ કરીને તેમને કોઇપણ બુક, હિસાબો અને સબંધિત વાઉચરો, અન્ય દસ્તાવેજો અને કાગળો માંગવાનો અને આયોગની કોઇપણ કચેરીઓ તપાસવાનો અધિકાર રહેશે.

૧૧. **ઓડિટ રીપોર્ટ :-**

આયોગે, નિયત કરેલા ફોર્મમાં અને સમયે, પસાર થયેલાં ગત વર્ષની પ્રવૃત્તિઓનો વાર્ષિક અહેવાલ તૈયાર કરીને તેની નકલ રાજ્ય સરકારને મોકલશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.જી.વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવ
- આયોગ
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવ
- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવ
- માન. રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવ
- સર્વે માન. મંત્રીશ્રીના અંગત સચિવ

* સર્વે માન. રા.ક.મંત્રીશ્રીના અંગત સચિવ
* સર્વે માન. સંસદિય સચિવશ્રીના અંગત સચિવ
* મુખ્ય સચિવશ્રીના અંગત સચિવ
* નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ
* રજીસ્ટ્રાર, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ
* એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
* પે એન્ડ એકાઉન્ટ ઓફિસર, ગાંધીનગર
* ના.સે.અ. સિલેક્ટ ફાઇલ
* શાખા સિલેક્ટ ફાઇલ